ફોજદારી કેસ નંબર 249-2026

# <u>આંક–૧ નીચે હુકમ</u>

(૧).. આ કામના ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપી સામે પ્રોહી.એકટ ગુના સબંધે તપાસ કરનાર અધિકારી તરફથી તપાસના અંતે પ્રોહી.એકટ કલમ–૬૫ એ એ, ૧૧૬–બી મુજબના ગુના સબંધે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨).. આરોપીને સમન્સની બજવણી થતા કોર્ટમાં હાજર થયેલ હોઈ, કેસ કાગળોની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી ગુનાની સ્વૈરછીક કબુલાત કરેલ છે અને સદરહુ ગુના અંગે તેઓનો જવાબ લેવામાં આવેલ છે. આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરેલ છે અને મૌખિક રજુઆતો કરી સંજોગો જણાવી દયા કરવા વિનંતી કરેલ છે.

(૩).. આમ આરોપી સામેનો ગુનો લક્ષમાં લેતાં તથા આરોપીએ રજૂ કરેલી દયાની અરજને લક્ષમાં લેતાં આરોપીનો આ પ્રથમ ગુનો છે અને તેઓએ બીજા કોઈ ગુના કરેલ નથી તેવા સંજોગોમાં તેમણે દયાની અરજ ગુજારેલ છે. વળી **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નટવર હરચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના જજમેન્ટના પ્રતિપાદિત સિધ્ધાંતો પણ ધ્યાને લ ેવામાં આવેલ છે જે જોતાં નામદાર વડી અદાલતે ઠરાવેલ છે કે, યોગ્ય સંજોગોમાં લઘુત્તમ સજા કરતા ઓછી સજા કરી શકાય છે. આરોપીનો પ્રથમ ગુનો છે તથા આરોપીની આર્થિક સ્થિતી અંગેની રજુઆત ધ્યાને લેતાં આરોપીને દંડ કરવો ઉચિત જણાય છે, જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>:: હુકમ ::</u>

- આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૬૪ મુજબ તેઓની સામેના પ્રોહી. એકટ કલમ–૬૫ એ એ, ૧૧૬–બી મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી પ્રોહી.એકટ કલમ–૬૫ એ એ, ૧૧ ૬–બી મુજબના ગુના સબબ **રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** દંડની તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે.
- મુદામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી.મુદ્દામાલ નો અપીલ સમય વીત્યેથી ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- જો આરોપી દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો તે બદલ **દિન ૫** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૧ મી, માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ – ધંધુકા
તારીખ – ૧૧/૦૭/૨૦૨૬

( સાજીદખાં અબ્દુલખાં પઠાણ )
એડી. ચીફ જયુડી. મેજી., ધંધુકા.
Code No. - GJ01071

આજ રોજ દંડની રકમ રૂ. .................... (અંકે રૂ............................ પુરા/–) પહોંચ નંબર–.................. થી જમા લીધેલ છે.

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ–ધંધુકા

નાઝરશ્રી,
પ્રિન્સીપાલ સિ.સિવીલ કોર્ટ,
ધંધુકા